જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૯/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૬૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી ૧૫૦ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ બીયર ટીન અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૦૧૨/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૬૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૭૦/૧૬

**આનંદનગરઃ** જયવતસિંહ મહિપતસિંહ જાડેજા (રહે. આંબેડકરનગર વેજલપુર રોડ નવા બળીયાદેવ મંદીરની સામે મકરબા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૯/૧૬ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે આનંદનગર જોધપુર ગામ શ્રધ્ધા સ્કુલ નજીકથી પોતાની પુત્રી આરતી (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**ઓઢવઃ** લીલાબહેન છગનભાઇ (રહે.ન્યુ ભવાનીનગરના છાપરાં જય રણછોડપાર્ક સોસાયટીની સામે ભવાનીનગરનો ટેકરો ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૮/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કોમલ (ઉ.વ.૧૭) ને ૯૦૩૩૫૦૧૦૪૫ મોબાઈલ ધારક અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૭૧/૧૬

**કાલુપુરઃ** ભાવેશકુમાર પ્રહલાદભાઇ પટેલ (રહે. શક્તિનગર સોસાયટી ગામ લાડોલ રણસીપુર રોડ વિજાપુર જીલ્લો મહેસાણા) એ તા.૨૬/૯/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) અજયસિંહ ગટુસિંહ રાણા (રહે.ગામ જામળા તાલુકો કલોલ જીલ્લો ગાંધીનગર) (૨) ઇન્દ્રસિંહ જાડેજા (રહે. વસ્ત્રાલ અમદાવાદ) અને (૩) વિજયસિંહ જાડેજા ઉર્ફે બાદશાહ (રહે. ગામ કોલવડા ગાંધીનગર) એ ભેગા મળી તા.૨૦/૮/૧૬ ના પહેલા કોઇપણ સમયે કાલુપુર ઝવેરીવાડમાં આવેલ રાજેશકુમાર અમૃતલાલ નામની પેઢીમાંથી આશરે ૪૨,૦૦,૦૦૦/- હવાલા દ્વારા મહેસાણા તથા ઉંઝા ખાતે મોકલી તેમજ રૂપિયા ૧૭,૦૦,૦૦૦/- પેઢીમાંથી લઇ જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૨/૧૬</u>**

કાગડાપીઠઃ અનિલ પૂનમચંદ શેઠ (ઉ.વ.૭૩) (રહે. મ્યુનિપલ સર્વન્ટ સોસાયટી, ફુટબોલ ગ્રાઉન્ડ ત્રણ રસ્તા પાસે, કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન તા.૨૫/૯/૧૬ બપોરના ૩/૦૦ થી તા.૨૬/૯/૧૬ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી એલઈડી ટીવી, ચાંદીનો તાજમહેલ,ચાંદીના સિક્કા નંગ-૧૦, સોનાની વિંટી મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૩/૧૬</u>**

**ઇસનપુરઃ** રૂપાબહેન વિજયભાઇ ભરવાડ (રહે. ભરવાડવાસ, જાદવનગર,મેમનગર,ઘાટલોડીયા) તા.૨૬/૯/૧૬ બપોરના ૩/૦૦ વાગે મેમનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડથી બસમાં બેસી ઇસનપુર ચાર રસ્તા બસ સ્ટેન્ડ ઉતર્યા હતા ત્યારે મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ રૂપાબહેનની નજર ચુકવી રૂપાબહેનના થેલામાંથી રોકડ રૂપિયા ૩૦૦૦/- અને સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રૂપાબહેન ભરવાડે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈષ્યક ચલાવે છે.

**સરદારનગરઃ** જતીનભાઇ રસીકલાલ વોરા (ઉ.વ.૫૯) (રહે. શ્યામ ગોકુલ ફ્લેટ વીજય ચાર રસ્તા પાસે નવરંગપુરા) એ તા.૨૬/૯/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૯/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઇમ્પેક્ષ રબ્બર નામની કંપનીની ખુલ્લી બારી દ્વારા અજાણ્યો છોકરો (૧૦ થી ૧૨ વર્ષના આશરાનો) પ્રવેશ કરી ડાયના પાર્ટ નાની મોટી સાઇઝના બોક્સ લોખંડના તેમજ એલ્યુમીનીયના કિમત રૂપિયા ૧,૯૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી પી જે ખરસાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૪/૧૬</u>**

ટ્રાફિક જે પોલીસ સ્ટેશનઃ સુરેશભાઈ કાંતીભાઈ પરમાર (ઉ.વ.૪૦) (રહે.જયનગર રંગોલીનગર નારોલ) તા.૨૩/૮/૧૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે જલારામ એસ્ટેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હિલર ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સુરેશભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૭/૯/૧૬ કલાક ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુરેશભાઈના પિતા કાંતીભાઈ પરમારે તા.૨૭/૯/૧૬ નારોજ ટ્રાફીક જે પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૫/૧૬</u>**

રિવરફ્રંટ ઈસ્ટઃ દુષ્યંત ભગવાનપ્રસાદ શ્રીમાળી (ઉ.વ.૩૨) (રહે. સ્વામીનારાયણ પાર્ક નવા વાડજ) એ તા.૨૬/૯/૧૬ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા અગમ્ય કારણસર દધીચીબ્રીજ પાસે વોક વે ઘાટ નંબર-૬ નજીક ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અરખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)